ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# જામનગર જિલ્લાની આંગણવાડીમાં કાર્યરત મહિલાઓના આર્થિક પાસાઓનો અભ્યાસ.

મકવાણા પ્રતિક્ષા ચંદ્રવદનભાઈ
એમ. એ, G-SET (અર્થશાસ્ત્ર)
અર્થશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનવર્સિટી રાજકોટ

## સારાંશ

આખું વિશ્વ આજે આર્થિક વિકાસ પાછળ દોળી રહ્યું છે, આર્થિક વિકાસએ વર્તમાન સ્થિતિ માટે અનિવાર્ય બની ગયો છે. આર્થિક વિકસના ઘણા નિર્દશકો છે ,એમ   કહેવાય છે કે કોઇ પણ દેશની મહિલાઓની  સારી આર્થિક સ્થિતિ એ પણ  આર્થિક વિકાસનું એક નિર્દેશક છે. વિશ્વમાં મહિલાઓની સ્થિતિ સુધારવાના અનેક પ્રયત્નો થઈ રહ્યા છે. ભારતમાં પણ બાળકો અને મહિલાના વિકાસ પર વિશેષ  ભાર મૂકવામાં  આવ્યો છે. આંગણવાડી એ મહિલા અને બાળ વિકાસ માટે મહત્વનો ફાળો આપ્યો છે આમ છતા જેમ એક સિક્કાની બે બાજુ હોય છે, તેમ આંગણવાડીમાં પણ કેટલીક સમસ્યાઓ જોવા મેળે છે. આંગણવાડીઓમા  કાર્ય કરનારા અધિકારીઓ અને તેમનાં સહાયકો સામાન્ય રીતે ગરીબ પરિવારોની મહિલાઓ હોય છે. આ મહિલા શ્રમિક  પાસે અન્ય સરકારી કર્મચારીઓની  જેમ વ્યાપક સામાજિક સલામતીના લાભો મળતા  નથી. આંગણવાડીમાં કાર્ય કરતી મહિલાઓને  કામના કલાકો, કાર્યોનો બોજ, આવકનું માળખું, વેતનના પ્રશ્નો વગેરે જેવી આર્થિક સમસ્યાઓ જોવા મળે  છે.

## ચાવીરૂપ શબ્દ

આંગણવાડી

આર્થિક સમસ્યા

મહિલા વિકાસ

બાળ વિકાસ

ઈન્ટિગ્રેટેડ ચાઇલ્ડ ડેવલોપમેન્ટ સર્વિસીસ (ICDS)

## પ્રસ્તાવના

*"આંગણવાડી એટલે ભારતીય ભાષાઓમાં આંગણું આશ્રમ"*

આંગણવાડી એ ભારતનું એક પ્રકારનું ગ્રામીણ બાળ સંભાળ કેન્દ્ર છે. બાળકોની ભૂખ અને કુપોષણ સાથે લડવા માટે એકીકૃત બાળ વિકાસ સેવાઓ કાર્યક્રમનાં ભાગરૂપે ભારત સરકાર દ્વારા **૧૯૭૫માં** શરૂ કરવામાં આવી હતી. ભારત સરકારે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, બાળકોના કલ્યાણ, વિકાસ અને સુરક્ષા માટે વિવધ યોજનાઓ અમલી બનાવી રહ્યું છે. **૨,ઓક્ટોબર ૧૯૭૫માં** શરૂ કરાયેલ, **ઈન્ટિગ્રેટેડ ચાઇલ્ડ ડેવલોપમેન્ટ સર્વિસીસ (ICDS)** યોજના ભારત સરકારનો મુખ્ય કાર્યક્રમ છે અને બાળપણની સંભાળ અને વિકાસ માટેનાં વિશ્વનાં સૌથી મોટા અને અનોખા કાર્યક્રમમાંનો એક કાર્યક્રમ છે. તે એક તરફ શાળામાં દાખલ થતાં પૂર્વે બિનઔપચારિક શિક્ષણ પ્રદાન કરવા અને કુપોષણ , વિકલાંગતા, અધ્યયનની ઓછી ક્ષમતા અને મૃત્યુદરનાં દુષ્ટ ચક્રને તોડવાના પડકારનાં પ્રતિસાદ તરીકે તેનાં બાળકો અને નર્સિંગ માતા પ્રત્યેની દેશની પ્રતિબદ્ધતાનું અગ્રણી પ્રતીક છે.

## હેતુઓ

1. જામનગર જિલ્લાની આંગણવાડીઓનું આર્થિક ચિત્ર તપાસવું.
2. જામનગર જિલ્લાની આંગણવાડીમાં કાર્યરત મહિલાઓનું પ્રમાણ તપાસવું.
3. જામનગર જિલ્લાની આંગણવાડીમાં કાર્યરત મહિલાઓની આર્થિક સમસ્યાઓ તપાસવી.
4. જામનગર જિલ્લાની આંગણવાડીમાં કાર્યરત મહિલાઓની સમસ્યાઓના નિવારણના પગલાં તપાસવા.

## સાહિત્ય સમીક્ષા

### કલ્પના જોશી (૨૦૧૮)

કલ્પનાજોશીના વર્ષ ૨૦૧૮ના સંશોધન લેખ "Knowledge of Anganwadi workers and their problems in rural ICDS block" માં છત્તીસગઢ કબીરધામમાં આંગણવાડી કાર્યકર ICDS પ્રોગ્રામના સમુદાય આધારિત બાબતોની માહિતી આપેલ છે. આ સંશોધન લેખ IP Journal of Paediatrics and Nursing science, April-June,૨૦૧૮ માં રજૂ થયેલ છે. તેના લાભાર્થીઓ અને કાર્યરત મહિલાઓની સમસ્યાઓ વગેરેનો અભ્યાસ કરેલ છે. તેમજ આંગણવાડીના કાર્યોનું વિશેષ મૂલ્યાંકન દર્શાવેલ છે. આ સંશોધન અભ્યાસમાં નમૂનાની પસંદગી અનુકૂળ નમૂના પસંદગી દ્વારા પસંદ કરેલ છે. જેમાં આંગણવાડી કાર્યકરની મુલાકાત લઈને તેમની કામગીરીનું મૂલ્યાંકન કરાયું હતું અને તેમની સાક્ષરતાની સ્થિતિ, વર્ષોના અનુભવો અને તેની વિવિધ સેવાઓ, નડતી સમસ્યાઓ વગેરે જેવા પાસાંઓની જાણકારી મેળવાઈ હતી.

### સંદીપ બી.પાટીલ, ડોઇબેલે એમ. કે.(૨૦૦૭)

સંદીપ બી.પાટીલ, ડોઇબેલે એમ. કે.ના વર્ષ 200૭ના સંશોધન લેખ "Knowledge and problems of Anganwadi workers in ICDS blocks: A cross sectional study" માં તેમનો હેતુ આંગણવાડી વર્કસ વિશે જાણકારી મેળવવી તથા કામ કરતી વખતે તેમને જે સમસ્યાનો સામનો કરવો પડે છે તે જાણવું એક ક્રોસ વિભાગીય અભ્યાસ આંગણવાડી કેન્દ્રની પસંદગી સ્વીકૃત નમુના દ્વારા પસંદ કરવામાં આવી હતી. દરેક બ્લોકમાંથી ૧૦% આંગણવાડી વર્કર્સ લેવામાં આવેલ હતા. આંગણવાડી કાર્યકરોની મુલાકાત લઇને તેમની સાક્ષરતાની સ્થિતિ, વર્ષોના અનુભવો, તેમના દ્વારા પ્રસ્તુત સેવાઓ વગેરેની જાણકારી મેળવી હતી. . તેમાં ૪૧ થી ૫૦ વર્ષની વયજૂથના

મોટાભાગના આંગણવાડી વર્કર્સ હતા. તેમાંના અડધા થી વધુ મેટ્રિક હતા અને ૬૯.૩૮% કામદારોને દસ વર્ષથી વધુનો અનુભવ હતો. બહુમતી(૮૧.૬૩%) આંગણવાડી વર્કસ પાસે ૫૦% વધુનો સ્કોર હતો.૭૦% પાસે પોષણ અને આરોગ્ય શિક્ષણ વિશે શ્રેષ્ઠ જ્ઞાન હતું .૮૭.૭% કામદારોમાં અયોગ્ય

માન-સન્માનની ફરિયાદ હતી. ૨૮.૫% લોકોએ સમુદાય તરફથી મદદની અછતની ફરિયાદ કરી હતી અને અન્ય સમસ્યાઓ જેવી કે આંતરમાળખાકીય સંબંધિત પુરવઠો, અતિશય કામનો ભાર અને રેકોર્ડ જાળવણી છે. મોટાભાગની આંગણવાડી કાર્યરત મહિલાઓ ૪૦ વર્ષથી વધુ વયની હતી. મેટ્રિક્યુલેટેડ, અનુભવી ૫૦% કરતા વધારે હતા. તેમના દ્વારા જણાવેલ ફરીયદો મુખ્યત્વે માનદ સંબંધિત અને કામના અતિશય ભારણ બાબતે હતી.

### ડો. કે. એ. રાજન્ના (૨૦૧૯)

ડો.કે.એ.રાજન્નાના ૨૦૧૯ સંશોધન લેખ “Problems and Prospects of Anganwadi workers : A study” મુજબ આંગણવાડી કાર્યકરો સમુદાય અને ICDS વચ્ચે પુલની ભૂમિકા ભજવે છે પરંતુ મહિલા અને બાળ કલ્યાણ વિભાગને મહેનતાણુંની બાબતમાં તપાસ કરવી પડશે અને આંગણવાડી કાર્યકરોની જવાબદારીઓ અંગે કાર્યકરોને સચોટ જ્ઞાન આપવું પડશે. જેથી આંગણવાડી કાર્યકરોને જ્ઞાન સાથે વૃદ્ધિ થાય જેથી તેઓ સેવાઓ વધુ સારી રીતે પહોંચાડી શકશે. %90 આંગણવાડી કાર્યકરોનું માનવું છે કે આંગણવાડી યોજના બાળકોને ઔપચારિક શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવામાં મદદ કરે છે. ૮૦% આંગણવાડી કાર્યકરો નું માનવું છે કે આંગણવાડી કેન્દ્ર બાળકોમાં શબ્દભંડોળના વિકાસમાં મદદ કરે છે. ભારતનાં વિશ્વના સૌથી મોટા મહિલા અને બાળ વિકાસ કાર્યક્રમોમાંથી એક આંગણવાડી કાર્યક્રમ છે. ICDS યોજનાનું કેન્દ્ર બિંદુ આંગણવાડી છે. દરેક આંગણવાડીમાં એક કાર્યકર અને એક હેલ્પર હોય છે. સારી આંગણવાડીના કાર્યક્રમમાં કેટલાક ગુણો હોય છે. જેમ કે નેતૃત્વ નિર્ણય, આવડત, કુશળતા સમસ્યા હલ કરવાની કુશળતા, વાતચીત કુશળતા વગેરે.

## જામનગર જિલ્લાની આંગણવાડીમાં કાર્યરત મહિલાઓના આર્થિક પાસાઓનો અભ્યાસ

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અંતર્ગત **૨,ઓક્ટોબર ૧૯૭૫માં** શરૂ કરાયેલ **ઈન્ટિગ્રેટેડ ચાઇલ્ડ ડેવલોપમેન્ટ સર્વિસીસ (ICDS)** યોજના હેઠળ આજે દેશભરમાં આશરે 10 લાખ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે . જેમાંથી ગુજરાતમાં **૫૩,૦૨૯** છે. જ્યારે જામનગર જિલ્લામાં **૧૧૯૭** કેન્દ્ર કાર્યરત છે. જેમાં અંદાજે ૨૩00 જેટલી મહિલાઓ કાર્ય કરે છે.

**આંગણવાડીના મુખ્ય ઉદ્દેશો**

1) ૦ થી ૬ વર્ષના બાળકોના આરોગ્ય અને પોષણનું સ્તર સુધારવા માટે, બાળકોનો શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ અને કિશોરવયની યુવતીઓ અને સ્તનપાન કરાવતી મહિલાઓનું પોષણ સ્તર સુધારવા માટે.

2) સમાજમાં મહિલાઓ વિશેની હાલની માનસિકતા બદલવી.

3) ભારતના અધિનિયમ અને બંધારણની જોગવાઈ મુજબ મહિલાઓના અધિકારોનું રક્ષણ કરવું.

4) સમાજના પછાત વર્ગની મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવીને સશક્તિકરણ કરવું.

5) રાજ્યમાં જરૂરિયાતમંદ મહિલાઓ અને બાળકોના કલ્યાણ અંગેની પ્રવૃત્તિઓ હાથ ધરવી.

આ ઉદ્દેશોની પૂર્તિ માટે આંગણવાડીનાં કર્મચારીએ એક પ્રકારની ઝુંબેશ ચલાવે છે. ખાસ કરીને તેમાં કામ કરતી મહિલાઓ ખૂબ જ મહેનત કરી રહી છે છતાં પણ તેમના વેતન દર, તેમને મળતી સહાય, પ્રોત્સાહનો, ફાયદાઓ અન્ય વ્યવસાયિક મહિલાઓની તુલનામાં ખૂબ જ મર્યાદિત છે.આંગણવાડીમાં કાર્યરત મહિલાઓ સામાન્ય રીતે ગરીબ વર્ગની જોવા મળે છે. તેમની આર્થિક પરિસ્થિતિ સુધારવા માટે અનેક માંગણીઓ થઇ હોવા છતાં પરિસ્થિતિમાં કોઇ ખાસ બદલાવ આવેલ નથી. આ સંદર્ભે આ મહિલાઓની આજીવિકા માટે તથા તેના આર્થિક અને સામાજિક દરજ્જા માટે તેઓ સતત સંઘર્ષ અનુભવતી જોવા મળી છે. વળી, આ મહિલા કામદારના ખૂબ જ નીચા વેતનદરને કારણે કેટલીક અન્ય મુશ્કેલીઓ પણ ભોગવતી હોય છે. તેમની આવક ખૂબ જ ઓછી હોય જે અનેક આર્થિક પાસાંને સ્પર્શ કરે છે. આ સંદર્ભે મહિલાઓનું વિવિધ આર્થિક પાસાંઓનું વિશ્લેષણ કરવું અનિવાર્ય હોય તેથી આ સંશોધન અભ્યાસમાં તેને કેન્દ્ર સ્તર બાબત ગણેલ છે. ઉપરાંત આંગણવાડી કેન્દ્રમાં કાર્યરત મહિલાઓ સામે ભ્રષ્ટાચાર અને ગુનાના અહેવાલો જોવા મળ્યા છે. જે સંદર્ભે મહિલાઓ સતત માનસિક

સંઘર્ષનો અનુભવ કરતી હોય વળી, અન્ય સરકારી કર્મચારીની જેમ તેમની પાસે વ્યાપક નિવૃત્તિના લાભો કે નોકરીની સ્થિરતા નથી. પસંદિત ક્ષેત્રમાં કાર્યરત મહિલાઓની આવક-ખર્ચ, બચત તેમના કામનાં કલાકો, કામનો પ્રકાર, કાર્ય વાતાવરણ, કાર્ય સંતોષ વગેરે જેવા અનેક આર્થિક પાસાંઓનો અભ્યાસ કરીને તેનું આર્થિક વિશ્લેષણ કરવામાં આવશે. પ્રસ્તુત સંશોધન અભ્યાસ આંગણવાડીમાં કાર્યરત મહિલાઓને તેમનાં પ્રશ્નો સમજવામાં તથા તેનો ઉકેલ મેળવવામાં દિશા સૂચક બની રહેશે. ઉપરાંત આ ક્ષેત્રમાં કાર્યરત મહિલાઓની આર્થિક સ્થિતિ સમજવામાં પણ ઉપયોગી બની શકશે.

**ક્ષેત્ર પસંદગી**

- પસંદિત સંશોધન ક્ષેત્રમાં જામનગર જિલ્લાની આંગણવાડીઓમાં કાર્યરત મહિલાઓ પસંદ કરવામાં આવેલ છે. જેની અનેક આર્થિક સમસ્યાઓ છે.
- પસંદિત સંશોધન ક્ષેત્રમાં મહિલાઓ જ કામ કરે છે.જેનું પ્રમાણ અંદાજે ૨૩૦૦ જેટલું છે.
- પસંદિત સંશોધન ક્ષેત્રમાં માધ્યમિક શિક્ષણથી શરૂ કરીને સ્નાતક, અનુસ્નાતક, P.T.C. વગેરે શિક્ષણ મેળવેલ ૧૮ થી ૫૮ સુધીની ઉંમરની પરણિત મહિલાઓ કાર્ય કરે છે.
- પસંદિત સંશોધન ક્ષેત્રમાં  કાર્યરત મહિલાઓની રોજગારી, વેતનદાર, વિકાસ, આવક-ખર્ચ, બચત વગેરે જેવા અનેક આર્થિક પાસાંઓનો અભ્યાસ જરૂરી હોય.
- પસંદિત સંશોધન ક્ષેત્રમાં કાર્યરત મહિલાઓ અનેક આર્થિક સમસ્યાઓ વેઠતી જોવા મળે છે. જેથી આ સંદર્ભે તેનો અભ્યાસ ઉપયોગી બની શકે છે.

**આંગણવાડીમાં કાર્યરત મહિલાઓની આર્થિક સમસ્યા**

- નોકરીની સલામતીનો અભાવ
- બેવડી જવાબદારી
- કાર્ય બોજ
- સ્વતંત્રતાનો અભાવ
- કામના કલાકો
- ઓછું વેતન
- વિકાસની ઓછી તક
- ઓછી કાર્યક્ષમતા
- નીચું જીવન ધોરણ
- ઓછી સામાજિક સલામતી

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન જામનગર જિલ્લાની આંગણવાડીમાં કાર્યરત મહિલાઓના વિવિધ આર્થિક પાસાંઓનું અભ્યાસ હોવાથી વર્ણનાત્મક સંશોધનન અંતર્ગત સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## માહિતી એકત્રીકરણની રીતો

**પ્રાથમિક માહિતી**

પ્રાથમિક સ્રોત એ પ્રત્યક્ષ અહેવાલમાં દર્શાવાતા સ્રોતો છે કે જે સંશોધન કાર્ય જેણે કર્યું છે તેમના દ્વારા જ લખાયેલી છે. પ્રાથમિક માહિતી પ્રશ્નાવલી પદ્ધતિ અને રૂબરૂ મુલાકાત દ્વારા મેળવવામાં આવશે જે સંશોધક નમુનાના પાત્ર પાસેથી રૂબરૂ મેળવશે.

**ગૌણ માહિતી**

ગૌણ સંદર્ભ સ્ત્રોતો એટલે એવા સ્ત્રોતો કે જેનું લખાણ સંશોધનકર્તાએ લખ્યું નથી હોતું પરંતુ તેનો ઉપયોગ કરીને બીજા કોઈ લેખકોએ માહિતી **તૈયાર કરી હોય છે. ગૌણ સંદર્ભોમાં પ્રાથમિક સંદર્ભોની જેમ મૂળ માહિતી** પ્રત્યક્ષ જોઈ શકાતી નથી પરંતુ તેનો સાર કે સંક્ષિપ્ત માત્ર પ્રાપ્ત થાય છે. ગૌણ સંદર્ભ સ્ત્રોતોમાં રિસર્ચ જર્નલ્સ, રિસર્ચ રિપોર્ટસ, વિદ્વવતાપૂર્ણ પુસ્તકો અને તેમજ લઘુશોધ નિબંધ અને મહાશોધ નિબંધનો અભ્યાસ કરવામાં આવશે.

## નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં જામનગર જિલ્લાની આંગણવાડીમાં કાર્યરત મહિલાઓના વિવિધ આર્થિક પાસાંઓનો અભ્યાસ  હોય, જામનગર જિલ્લામાં કુલ ૬ તાલુકા જેમાં 444 ગામડાઓ આવેલા છે. આંગણવાડી કેન્દ્રોની સંખ્યા ૧૧૯૭ છે અને મહિલાઓની સંખ્યા અંદાજે 2300 જેટલી છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સ્તરીકૃત આકસ્મિક નમુના પસંદગીથી આંગણવાડી કેન્દ્રો પસંદ કરવામાં આવશે. જેમાં કાર્યરત બહેનો પાસેથી કાળજીપૂર્વક માહિતી મેળવવામાં આવશે.

VIDHYAYANA

## તારણો

- જામનગર જિલ્લાની આંગણવાડીઓમાં કાર્યરત મહિલા શ્રમિકોની  અનેક આર્થિક સમસ્યા રહેલી  છે.
- જામનગર જિલ્લાની આંગણવાડીઓમાં  માધ્યમિક શિક્ષણથી શરૂ કરીને સ્નાતક, અનુસ્નાતક, P.T.C. વગેરે શિક્ષણ મેળવેલ ૧૮ થી ૫૮ સુધીની ઉંમરની પરણિત મહિલાઓ કાર્ય કરે છે.
- જામનગર જિલ્લાની આંગણવાડીઓમાં કાર્યરત મહિલા શ્રમિકોની  વિકાસની ઓછી તક રહેલી છે.
- જામનગર જિલ્લાની આંગણવાડીઓમાં કાર્યરત મહિલા શ્રમિકોની કાર્યક્ષમતા માં સુધારો કરવાની જરૂર છે .

- આંગણવાડીમાં સરકારના વિવિધ પ્રોત્સાહનોની અસર વધુ થાય તેવા પ્રયત્નો કરવાની જરૂર છે

- જામનગર જિલ્લાની આંગણવાડીના કાર્યમાળખામાં સુધારો કરવો આવશ્ય છે.

## સંદર્ભ ગ્રંથો (Bibliography)

જોશી, ક. (એપ્રિલ-જૂન,૨૦૧૮). Knowledge of Anganwadi workers and their problems in Rural ICDS block. *IP Journal of Paediatrics and Nursing Science*, ૮-૧૪.

બી, પ. સ., & એમ.કે, ડ. (એપ્રિલ-જૂન,૨૦૧૩). knowledge and problems of Anganwadi workers in ICDS blocks:Across sectional study. *Online Journal of Health and Allied Sciences*, ૧૨(૨):૧.

રાજન્ના, ડ. (જાન્યુઆરી,૨૦૧૯). Problems and Prospects of Anganwadi Workers:A Study. *International Journal of Management,IIT & Engineering*, ૨૨૨-૨૩૪.

ઉચાટ, ડ. એ. (૨૦૧૨). *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર .(દ્વિતીય આવૃત્તિ ).* રાજકોટ : પારસ પ્રકાશન .

C. R. Kothari.) 1990 .(*Research Methodology ( Methods and Techniques). Second Revised Edition.* . New Delhi : Age International Publishers. PVT. Ltd.
.